સોમવાર, 17 નવેમ્બર, 2025 કારતક વદ તેરસ

દૈનિક પલ્સ સાથે આગળ રહો.....

# દૈનિક પલ્સ

@dailypulsenews24 | www.dailypulse.org.in | 9909911175 | R.N.I.NO: GJGUJ/25/A1447

✸ માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીશ ✸ ૧૧/૩ ૩જો માળ, સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯ ✸ દૈનિક સોશિયલ આવૃત્તિ ✸

## સરદાર પટેલની 150મી જયંતિ નિમિત્તે ઘાટલોડિયામાં વિશાળ યુનિટી પદયાત્રા યોજાઈ

સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિ નિમિત્તે સમગ્ર રાજ્યમાં સરદાર@150 કાર્યક્રમોનો આરંભ કરવામાં આવ્યો છે. એકતા, સામાજિક જાગૃતિ અને રાષ્ટ્રીય સંકલ્પના સંદેશ સાથે વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ રહી છે. આ જ અંતર્ગત અમદાવાદની તમામ વિધાનસભામાં સતત યુનિટી માર્ચનું આયોજન કરવામાં આવ્યું છે. ઘાટલોડીયા વિધાનસભા વિસ્તારમાં યોજાઈેલી યુનિટી માર્ચનું ખોડીયાર માતાના મંદિર, આંબલી ગામથી પદયાત્રા રૂપે પ્રારંભ કરવામાં આવ્યો. આ યાત્રાનું રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કર્યા બાદ પદયાત્રા આગળ ધપાવી હતી. લગભગ 3.5 કિલોમીટર લાંબી આ પદયાત્રા ઘાટલોડીયા વિસ્તારના વિવિધ માર્ગો પરથી પસાર થશે અને સ્થાનિક નાગરિકોને જોડતા એકતા સંદેશને વધુ મજબૂત બનાવશે.

સ્થાનિક લોકો, સ્વયંસેવકો અને વિવિધ સામાજિક સંગઠનોના પ્રતિનિધિઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા. સરદાર પટેલના જીવનમૂલ્યો – એકતા, અખંડિતતા અને લોકસેવાને ધ્યાનમાં રાખીને આ યાત્રાનો હેતુ સમાજમાં એકતા અને રાષ્ટ્રીય ભાવનાને પ્રોત્સાહન આપવાનો છે. શહેરના અનેક વિસ્તારોમાં આવી પદયાત્રાઓ સતત આયોજિત થતી રહેવાની છે.



**ઘાટલોડિયામાં 3.5 કિમીની યુનિટી માર્ચ યોજાઈ, સરદાર પટેલના એકતા-અખંડિતતાના સંદેશને પ્રેરણા રૂપ બનારું આયોજન.**

## સુરતમાં અપગ્રેડેડ 'નેત્રમ' CCTV કમાન્ડ સેન્ટરનું લોકાર્પણ

સુરત શહેરમાં સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા અપગ્રેડેડ 'નેત્રમ' CCTV કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરનું લોકાર્પણ ડેપ્યુટી સીએમ હર્ષ સંઘવીના હસ્તે થયું. શહેરમાં કુલ 1450થી વધુ કેમેરા કાર્યરત છે, જેમાંથી 709 કેમેરાનું મોનિટરિંગ હવે રાજ્ય સ્તરે ગાંધીનગરના 'ત્રિ-નેત્રમ' પરથી પણ થઈ શકશે. કમાન્ડ સેન્ટરમાં બોડી વોર્ન કેમેરાનું લાઈવ મોનિટરિંગ, એડવાન્સ ડિસ્પ્લે સિસ્ટમ અને ANPR, AI-બેઝ્ડ તથા RLVD જેવા આધુનિક કેમેરા જોડાયા છે.

કમિશનર અનુપમસિંહ ગેહલોતે જણાવ્યું કે CCTV નેટવર્કે અત્યાર સુધી 220થી વધુ ગંભીર ગુનાઓ ડિટેક્ટ કરવામાં મદદ કરી છે. કેમેરા સિસ્ટમમાં 2200થી વધુ વોન્ટેડ અને હિસ્ટ્રીશીટરના ડેટા અપલોડ કરાયા છે, જેથી ચેતવણી તાત્કાલિક મળી.

## વરિયાવ નજીક બિલ્ડરને ધમકી આપી 9.56 લાખની લૂંટ

સુરતના રાંદેર વિસ્તારમાં રહેતા બિલ્ડર હમઝા મોહમ્મદ મર્ચન્ટ સાથે ત્રણ વર્ષ જૂની લૂંટની ઘટના ફરી ચર્ચામાં આવી છે. જમીનની ખરીદી માટે 9.56 લાખ રોકડ સાથે નીકળેલા હમઝા અને તેમના મિત્ર આકીબ પુનાવાલા વરિયાવ નજીક રાત્રે લઘુશંકા માટે અટક્યા ત્યારે કારમાં આવેલા ચાર વ્યક્તિઓએ તેમને રોકી લૂંટ ચલાવ્યાની ફરિયાદ જહાંગીરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

ફરિયાદ અનુસાર, ઇમ્તીયાઝ ઉર્ફે સદામ ઈકબાલ બચાવ, તેનો ભાઈ ફૈસલ, ઈકબાલ મેમણ અને સાહિદ ગૌડીલ કારમાંથી ઉતરી હમઝાને "સદ્દામને કહ્યા વગર જમીનનો સોદો ન કરો" કહી ધમકાવ્યા હતા. બાદમાં મારપીટ કરી રોકડ ભરેલી બેગ જપ્ત કરી કારમાં ભાગી ગયા હતા. ઘટના પછી ઈકબાલ મેમણ તરફથી વોટ્સએપ કોલ દ્વારા જાનથી મારી નાખવાની ધમકીઓ મળતી હતી.

જહાંગીરપુરા પોલીસે ચારેય શખ્સ સામે લૂંટ, ધમકી અને હુમલાની ધારાઓ હેઠળ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. પોલીસ જણાવે છે કે ઇમ્તીયાઝ ઉર્ફે સદામ અને સાહિદ ગૌડીલ સામે બિલ્ડરોને ધમકાવી ખંડણી ઉઘરાવવાના અનેક કેસ નોંધાયા હતા અને બંનેને ગુજસીટોક હેઠળ જેલમાં મોકલવામાં આવ્યા છે. ફૈસલ સામે પણ અનેક ગુનાઓની નોંધ છે.

**બિલ્ડર અને મિત્ર પર હુમલો કરીને લાખોની લૂંટ**

## ભાવનગરમાં ફોરેસ્ટ અધિકારીની પત્ની-સંતાનોની લાશ મળી

ભાવનગરમાં ફોરેસ્ટ કોલોની નજીક હચમચાવી મુકે તેવી ઘટના સામે આવી છે. ફરજ બજાવતા ફોરેસ્ટ અધિકારીની પત્ની અને બે સંતાનોની દાટેલી લાશો નજીકના ખાડામાં મળી આવતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. ત્રણેય 10 દિવસ પહેલા સુરત જવા નીકળ્યા બાદ ગુમ થયા હતા અને તેમના ગુમ થવાની જાણ પોલીસને કરવામાં આવી હતી.

લાશો મળતા પ્રાથમિક તબક્કે ત્રણેયની હત્યા કરી દાટી દેવાયા હોવાની પ્રબળ આશંકા વ્યક્ત થઈ રહી છે. ઘટનાની જાણ થતાં ભાવનગર પોલીસ તાત્કાલિક સ્થળે દોડી આવી હતી અને વિસ્તૃત તપાસ શરૂ કરી છે. ફોરેન્સિક ટીમ દ્વારા સ્થળ પરથી પુરાવા એકત્ર કરાઈ રહ્યા છે ભાવનગર એસપી નિતેશ પાંડેએ જણાવ્યું કે ત્રણેયના મૃત્યુના કારણો તેમજ સમગ્ર ઘટનાક્રમની સઘન તપાસ ચાલી રહી છે. પ્રાથમિક શંકા હેઠળ ACF (Assistant Conservator of Forest) શૈલેષ ખાંભલાને પૂછપરછના દાયરામાં રાખવામાં આવ્યા છે. હજી સુધી કોઈ નિષ્કર્ષ પર પહોંચવામાં આવ્યું નથી અને તપાસના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

**ભાવનગરમાં ફોરેસ્ટ અધિકારીની પત્ની અને બે સંતાનોની દાટેલી લાશ મળી આવતા ખળભળાટ મચ્યો**

## પાટણમાં UGVCL ઈજનેર ₹50,000ની લાંચ સાથે ઝડપાયો

પાટણ એન્ટી કરપ્શન બ્યુરો (ACB)એ સમી ખાતે આવેલી UGVCL કચેરીમાં ટ્રેપ ગોઠવી જુનિયર એન્જિનિયર ચિંતન કુમાર શૈલેષભાઈ પટેલને ₹50,000ની લાંચ સ્વીકારતા રંગેહાથ ઝડપી પાડ્યો હતો. તેમણે એક નાગરિકના ખેતરમાં વીજ જોડાણ આપવા બદલ ગેરકાયદે રકમની માંગ કરી હતી. ફરિયાદી લાંચ આપવા ઇચ્છુક ન હોવાથી ACBનો સંપર્ક કર્યો હતો. પૂર્વ આયોજન મુજબ ગોઠવાયેલા ટ્રેપ દરમિયાન ચિંતન પટેલે રકમ સ્વીકારી હતી, જેના તરત બાદ ACBએ તેને પકડી લીધો. પાટણ ACBના પીઆઈ એમ.જે. ચૌધરીના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી હાથ ધરાઈ છે.

## 112 જનરક્ષક ગાડીની ટક્કરે કારને ભારે નુકસાન

શનિવારે મોડી રાત્રે 112 જનરક્ષક ગાડીની બેદરકારીપૂર્વકની ડ્રાઈવિંગથી ગંભીર અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે દોડતી ગાડીએ રોડની નજીક પાર્ક કરવામાં આવેલી એક કારને જોરદાર ટક્કર મારતા કાર 10 ફૂટ દૂર ફંગોળાઈ ગઈ હતી. ઘટનાના બાદ 112 ગાડીમાંથી 6 સિરપની બોટલો મળતાં પરિસ્થિતિ વધુ શંકાસ્પદ બની હતી. પોલીસે ડ્રાઈવર યશ પરમારને કસ્ટડીમાં લઈ પ્રાથમિક પૂછપરછ શરૂ કરી છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે ડ્રાઈવર નશાની હાલતમાં હોવાનું જણાય છે. પોલીસ અકસ્માતના કારણો, ડ્રાઈવરની સ્થિતિ અને વાહનની ગતિ અંગે તપાસ કરી

## કતારગામમાં રત્નકલાકાર અને અમરોલી યુવાનની બે અલગ ઘટનાઓમાં મૃત્યુ

સુરતના કતારગામ વિસ્તારમાં 24 વર્ષીય રત્નકલાકાર વિકાસ સરવાડીયાનું સારવાર દરમ્યાન મૃત્યુ થયું હતું. પ્રાથમિક માહિતી મુજબ, પર્સનલ લોનના હપ્તાનો બોજ વધતા માનસિક તણાવમાં આવી તેમણે ગંભીર પગલું ભર્યું હોવાની શક્યતા વ્યક્ત થાય છે. બીજી ઘટનામાં અમરોલી પ્રમુખ રેસિડેન્સીના 32 વર્ષીય અશ્વિન ચાંદપરાનું પણ સારવાર દરમ્યાન મૃત્યુ થયું હતું. બંને કેસોમાં પોલીસે અકસ્માત મોતની નોંધ કરી પરિસ્થિતિ અંગે તપાસ શરૂ કરી છે તથા પરિવારજનોના નિવેદનો લેવા કાર્યવાહી હાથ ધરી.

## ભુવાલડી પાસે કારની ટક્કરે મજૂર મહિલાના મોત અને ત્રણ મજૂરો ઈજાગ્રસ્ત




દાહોદની 30 વર્ષીય વસંતાબેન બારીયા સિંગરવા ભુવાલડી પાસે આવેલી બાંધકામ સાઇટ પર છેલ્લાં કેટલાંક મહિનાથી મજૂરી કામ કરતા હતા. રવિવારે બપોરે તેઓ અન્ય મજૂરો—રમીલાબેન ભુરીયા (27), પાયલબેન ગણાવા (20) અને કાળુભાઈ ભરીયા (25)—સાથે સાઇટ નજીક રસ્તાની બાજુમાં માટી જારવાનું કામ કરી રહ્યા હતા. એ દરમિયાન પૂરઝડપે આવી રહેલી વર્ણા કારચાલકે ચારેયને અડફેટે લીધા હતા. ટક્કર એટલી તીવ્ર હતી કે કાર થોડા અંતરે રેતીના ઢગલા સાથે અથડાઈને ઊભી રહી ગઈ હતી.

અકસ્માત બાદ કારચાલક કાર મૂકીને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઈજાગ્રસ્તોને આસપાસના લોકોની મદદથી તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમ્યાન વસંતાબેનનું મોત થયું હતું, જ્યારે અન્ય ત્રણ મજૂરોને સારવાર આપવામાં આવી રહી છે.

આઈ-ડિવિઝન ટ્રાફિક પોલીસએ કારચાલક સામે બેદરકારીથી વાહન હંકારવાના આરોપસર ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. ઘટનાસ્થળે પોલીસ દ્વારા પુરાવા એકત્ર કરી કારચાલકની ઓળખ અને પકડ માટે પ્રયાસો તેજ કરાયા

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## પ્રેમજાળનું કાવતરું: સગીરાની સાથે ગંભીર દુર્વ્યવહારનો કેસ

આણંદ જિલ્લાના ખંભાત તાલુકાના વત્રા ગામમાં સગીરાને પ્રેમજાળમાં ફસાવી અનૈતિક વર્તન કર્યાના આક્ષેપો સાથેનો ગંભીર કેસ નોંધાયો છે. પ્રાપ્ત વિગતો મુજબ, રણજીત ઠાકોર નામના યુવાને સગીરાની સાથે મિત્રતા કેળવી તેને પોતાના કહ્યામાં કરી હતી. ત્યારબાદ તેણે મિત્ર વિજય ઠાકોર સાથે મળીને પરિવારજનોને ઊંઘની ગોળીઓ ખવડાવી બેભાન કરવાનો કાવતરું રચ્યું હતું. ગોળીઓનું અસર થતાં પરિવાર સૂઈ ગયો હતો.

આ સમયે રણજીત અને વિજય સગીરાના ઘરે પહોંચ્યા હતા અને રણજીત દ્વારા સગીરાની સાથે અનૈતિક વર્તન કર્યાનો આક્ષેપ છે. ઘટના અંગે જાણ થતાં પરિવારજનો આઘાતમાં આવી ગયા હતા અને ખંભાત ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં બંને વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ કરી આરોપીઓની ધરપકડ માટે તપાસની પ્રક્રિયા શરૂ કરી છે.

## છોટા ઉદેપુરમાં પુષ્પા સ્ટાઈલ સિમેન્ટ ટેન્કરથી ₹2.5 કરોડનો દારૂ ઝડપાયો

છોટા ઉદેપુર જિલ્લામાં વિદેશી દારૂની હેરાફેરીનો અત્યાર સુધીનો સૌથી મોટો ભાંડો ફૂટ્યો છે. પાવી જેટપુર નજીક રેલવે ગરનાળા પાસેથી રાજસ્થાન પાસિંગના સિમેન્ટ ટેન્કરમાંથી વિદેશી દારૂનો જંગી જથ્થો મળી આવતા જિલ્લામાં ચકચાર મચી ગઈ છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચની કાર્યવાહી દરમિયાન ટેન્કરની અંદર ફિલ્મ 'પુષ્પા' જેવી રીત અપનાવીને ગુપ્ત ખંડ બનાવવામાં આવ્યો હતો, જેમાં દારૂની પેટીઓ ગોઠવી છુપાવવામાં આવી હતી.

ચોક્કસ માહિતીના આધારે રોકાયેલા RJ 09 GB 4163 નંબરના ટેન્કરની તલાશી લેવામાં આવતા અંદરથી કુલ 1561 પેટીઓ મળી આવી હતી. જેમાં 28,812 બોટલ વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો, જેની બજાર કિંમત અંદાજે ₹2,50,07,520 ગણવામાં આવી છે. આ જપ્તી છોટા ઉદેપુર જિલ્લાના ઇતિહાસમાં અત્યાર સુધીની સૌથી મોટી ગણાઈ રહી છે.

ટેન્કર ચાલક મહેશકુમાર ચૂતરારામ જાટ, મૂળ બાડમેર (રાજસ્થાન), ઝડપાઈ ગયો છે. પ્રાથમિક પૂછપરછમાં તેણે કબૂલ્યું કે ટેન્કર હરિયાણા રાજ્યના હિસાર અને સીકર વચ્ચેના વિસ્તારમાંથી ભરવામાં આવ્યું હતું. ટેન્કરની ડિઝાઇન ખાસ હોઈ, બહારથી તે સામાન્ય સિમેન્ટ ટેન્કર દેખાતું હતું, પરંતુ અંદર દારૂ છુપાવવા માટે વિશેષ સિક્રેટ compartment બનાવવામાં આવ્યો હતો. હાલમાં દારૂ કયા વિસ્તારમાં પહોંચાડવાનો હતો અને આ સમગ્ર હેરાફેરી પાછળ કોણ-કોણ સામેલ છે તેની દિશામાં વધુ તપાસ ચાલી રહી છે. તપાસ દરમિયાન ટેન્કરનો રૂટ, દારૂના પુરવઠાનો સ્ત્રોત અને નેટવર્ક વિશે માહિતી એકત્ર કરવાની પ્રક્રિયા આગળ વધી રહી છે.




**છોટા ઉદેપુરમાં સિમેન્ટ ટેન્કરના ગુપ્ત ખંડમાંથી ₹2.50 કરોડનો વિદેશી દારૂ મળી આવ્યો. પુષ્પા સ્ટાઈલ હેરાફેરીનો ખુલાસો.**

## વડોદરા વેપારી દ્વારા 42 લાખની સોના દાગીના છે

વડોદરાના એક વેપારી દ્વારા અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં સોના–ચાંદીના દાગીના વેપાર કરતા એક વેપારી સાથે 42.31 લાખની છેતરપિંડી કર્યાનો આરોપ સામે આવ્યો છે. આરોપીએ ગ્રાહકો માટે દાગીના લેવાનો બહાનો આપીને માલ મેળવી લીધો હતો, પરંતુ ચુકવણી કર્યા વગર વારંવાર વાયદા કરી અંતે ફોન બંધ કરી દીધો હતો. ફરિયાદ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાય બાદ પોલીસે તપાસ શરૂ કરી છે. માહિતી મુજબ, વાસણામાં રહેતા મિતેશભાઇ સોની નવરંગપુરામાં ઓફિસ ધરાવી દાગીના બનાવવાનો વેપાર ચલાવે છે.




સાત મહિના પહેલા તેમના ભાગીદાર મારફતે વડોદરાના કિરણ બેંગલ્સ શોરૂમના માલિક યતીન સોની સાથે સંપર્ક થયો હતો. બજારમાં યતીન સોની વિશ્વસનીય જણાતા વ્યવહાર શરૂ થયો હતો. 22 ઓગસ્ટે યતીન સોનીએ ગ્રાહકોને એન્ટીક સેટ જોઈએ હોવાનું કહી મિતેશભાઈ પાસે સેટના ફોટો મંગાવી ઓર્ડર આપ્યો હતો. 10 દિવસમાં ચુકવણી કરવાની વાત કરી દાગીના લઈ ગયા હતા. બાદમાં બીજી વેરાયટી જોઈએ હોવાનું કહી વધુ દાગીના મેળવી લીધા, પણ ચુકવણી માટે બહાના આપતા રહ્યા.

આ પછી યતીન સોનીનો ફોન બંધ આવતો રહ્યો. મિતેશભાઈએ વડોદરામાં તપાસ કરતાં જાણવા મળ્યું કે યતીન સોનીએ અનેક વેપારીઓ પાસેથી પણ લાખો રૂપિયા પડાવ્યા છે. અંતે તેમણે 42.31 લાખની છેતરપિંડીની ફરિયાદ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. પોલીસ હવે આરોપીના નાણાકીય વ્યવહારો અને અન્ય વેપારીઓ સાથેના સંબંધોની દિશામાં તપાસ આગળ ધપી રહી છે.

## વડોદરા એરપોર્ટ પર મુસાફરના બેગમાં કારતૂસ મળ્યાં

વડોદરાના હરણી એરપોર્ટ પર મુસાફરોના સ્ક્રિનિંગ દરમિયાન એક મુસાફરના ટ્રોલી બેગમાંથી ફૂટેલી કારતૂસ મળી આવતા સુરક્ષા એજન્સીઓ સતર્ક બની ગઈ હતી. સુરક્ષા કર્મચારીઓએ બેગની ચકાસણી કરી એક ખાલી કારતૂસ મળતાં તરત હરણી પોલીસને જાણ કરવામાં આવી હતી. પ્રાથમિક પૂછપરછમાં મુસાફર પવનકુમાર હનુમાનથાપાએ જણાવ્યું કે તેઓ તુર્કીના ઇસ્તાન્બુલથી આવ્યાં છે અને આ ખાલી કારતૂસ તેમને ત્યાં મળ્યું હતું, જે ભૂલથી બેગમાં રહી ગયું હોવાનું જણાવ્યું છે. પોલીસએ જાણવાજોગ ફરિયાદ નોંધાવી વધુ તપાસ શરૂ કરી છે.

## વડોદરામાં કંપનીને ધમકી આપી 15 કરોડની ખંડણી માંગ

વડોદરાના ટુંડાવની ઇન્ડો એમાઇન્સ લી. કંપનીના ડાયરેક્ટર પાસેથી 15 કરોડની ખંડણી માંગનાર બે શખ્સોને સયાજીગંજ પોલીસે છટકું ગોઠવી ઝડપી પાડ્યા છે. આરોપીઓએ એનજીટીના અધિકારીઓનો સપોર્ટ હોવાનો દાવો કરી કંપની પ્રદૂષણ ફેલાવે છે કહી બંધ કરાવવાની ધમકી આપી હતી. ખાનગી હોટેલમાં નેગોશિએશનના નામે થયેલી મિટિંગનું રેકોર્ડિંગ કંપનીએ પુરાવા તરીકે પોલીસને આપ્યું હતું. પકડાયેલા સુનિલ મહિડા અને જીતસિંહ રાણાએ રાજકીય ઓળખનો પણ ઉપયોગ કર્યો હતો. પોલીસએ BNSની સંબંધિત કલમોમાં ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

## મુજ મહુડા વિસ્તારમાં ઘરની પાછળ મહાકાય મગર મળ્યો

વડોદરાના મુજ મહુડા વિસ્તારમાં વિશ્વ જ્યોતિ આશ્રમ નજીક એક રહેવાસીના ઘરની પાછળ મહાકાય મગર દેખાતા ખળભળાટ મચ્યો હતો. લગભગ 10.5 ફૂટ લાંબો અને 150 કિલો વજનનો મગર ઝાડીઓમાં ફસાઈ ગયો હતો. જાણ થતાં વડોદરા એનિમલ રેસ્ક્યુ ફાઉન્ડેશન અને એનિમલ રેસ્ક્યુ ટ્રસ્ટની ટીમ ઘટ□□સ્થળે પહોંચી હતી. વોલેન્ટિયર્સ અને સ્થાનિકોની મદદથી દોરડાં વડે એક કલાકની ભારે જહેમત બાદ મગરને સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરી વન વિભાગને સોંપવામાં આવ્યો હતો. વિસ્તારમાં નાગરિકોને સાવચેતી રાખવા વિનંતી કરવામાં આવી છે.

## વડોદરામાં રખડતા કુતરાનો ત્રાસ વધતાં 28 કેસ નોંધાયા

વડોદરા શહેરમાં રખડતા પશુઓ, ખાસ કરીને કુતરાઓનો ત્રાસ દિવસે ને દિવસે વધી રહ્યો છે. વિતેલા 24 કલાકમાં શહેર અને જિલ્લામાં કુતરા કરડવાના કુલ 28 બનાવો સયાજી હોસ્પિટલમાં નોંધાયા છે. આજે પણ વધુ એક વૃદ્ધાને કુતરાએ હુમલો કરતા ઇજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

તરસાલી વિસ્તારમાં રહેતી 60 વર્ષીય પાલીબેન દેવીપુજક બપોરે તેમના પુત્રીને મળવા નીકળ્યા હતા ત્યારે પાછળથી દોડી આવેલા રખડતા કુતરાએ તેમના જમણા પગમાં બચકા ભરી ઇજાઓ પહોંચાડી હતી. અચાનક હુમલાથી વૃદ્ધા ગભરાઈ બૂમાબૂમ કરતાં સ્થાનિક લોકો અને તેમનો પુત્ર દોડી આવ્યા હતા. તેમને લોહીલુહાણ હાલતમાં 108 દ્વારા સયાજી હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા.

શહેરમાં રખડતા કુતરાઓ, ગાય અને ભૂંડના વધતા હુમલાઓને કારણે લોકોમાં ડરનો માહોલ છે. તાજેતરમાં ગ્રામ્ય વિસ્તારમાં ભૂંડને કારણે થયેલા અકસ્માતોમાં ત્રણ લોકોના મોત થયા હતા. રખડતા પ્રાણીઓના વધતા આતંકને લઈને નાગરિકોમાં તીવ્ર નારાજગી જોવા મળી રહી છે અને તંત્રની કામગીરી અંગે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

## પ્રતાપનગર સ્ટેશન સેટેલાઈટ રૂપે વિકસિત, કામ પૂર્ણ

વડોદરા મંડળના પ્રતાપનગર રેલવે સ્ટેશનને વડોદરા સ્ટેશનના સેટેલાઈટ સ્ટેશન રૂપે વિકસિત કરવાની પ્રક્રિયામાં મોટું પગલું પૂર્ણ થયું છે. સ્ટેશન પર યાર્ડ રિમોડેલિંગ અને નૉન ઈન્ટરલૉકિંગનું કામ 14 નવેમ્બર, 2025ના રોજ સફળતાપૂર્વક પૂર્ણ થતા હવે અહીંથી લાંબા અંતરની મેલ–એક્સપ્રેસ ટ્રેનો ચલાવવાની તૈયારી શરૂ થઈ ગઈ છે. આ વિકાસોથી ટ્રેન સંચાલન સરળ બનશે અને યાત્રીઓને વધુ વિકલ્પો ઉપલબ્ધ થશે.

આ પ્રોજેક્ટ વડોદરા મંડળના ગતિ શક્તિ યુનિટ દ્વારા હાથ ધરાયો હતો. પ્રતાપનગર, વિશ્વામિત્રી–ડભોઈ–એકતાનગર અને ડભોઈ–અલીરાજપુર સેક્શન પર આવેલ એનએસજી–6 કેટેગરીનું મહત્વનું સ્ટેશન છે. વર્ષ 2022–23માં 28.93 કરોડની મંજૂરિયાત સાથે શરૂ થયેલું આ કામ અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ કરવામાં આવી રહ્યું છે. સ્ટેશનના આધુનિકીકરણ અને સુવિધાઓના અપગ્રેડેશનનું કામ જાન્યુઆરી 2026 સુધી પૂર્ણ થશે. નવેસરથી વિકસિત સ્ટેશનમાં બે ઉચ્ચ સ્તરના પ્લેટફોર્મ, નવી સંપૂર્ણ લંબાઈની લાઈનો, બીજું પ્રવેશ દ્વાર, પાર્કિંગ ઝોન, ટિકિટ કાઉન્ટર, મહિલા પ્રતિક્ષાલય, પ્લેટફોર્મ કવર શેડ, હાઈ માસ્ટ લાઇટ, પાણીની સુવિધા અને નવા કોચ સંકેતકો સહિત અનેક આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.



સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## ગોત્રીની નીલાંબર સોસાયટીમાં કપિરાજના આતંકથી પાંચ ઘાયલ

વડોદરાના ગોત્રી વિસ્તારમાં આવેલી નીલાંબર સોસાયટીમાં એક કપિરાજે અચાનક હુમલો કરતા ખળભળાટ મચ્યો હતો. વૈભવી સોસાયટીમાં ઘૂસેલ કપિરાજે નાના બાળકો અને વડીલ સહિત પાંચ રહેવાસીઓને બચકા ભરી ઇજાગ્રસ્ત કર્યા હતા. ઘટનાને લઈને સોસાયટીમાં દહેશતનો માહોલ ફેલાયો હતો અને ઘણા રહીશો સુરક્ષિત રહેવા ઘરમાં જ કેદ થઈ ગયા હતા. હુમલાની જાણ થતાં જ પોલીસ અને વન વિભાગની ટીમ સ્થળ પર પહોંચી હતી. કપીરાજને કાબૂમાં લેવા માટે પાંજરું ગોઠવવામાં આવ્યું હતું અને આસપાસ જાળ બિછાવાઈ હતી. થોડા સમયના પ્રયાસ બાદ કપીરાજ પાંજરામાં પૂરાઈ ગયો હતો.

રેક્સ્યુ ટીમના જીગ્નેશ પરમારે જણાવ્યું કે ટીમ સ્થળ પર પહોંચતા બિસ્કીટના ટુકડાઓનો ઉપયોગ કરીને કપીરાજને પાંજરામાં લાવવામાં આવ્યો હતો. ઘટનાના બાદ વિસ્તારમાં સ્થિતિ સામાન્ય થવા લાગી છે.

# ગુજરાત કોંગ્રેસની 'જન આક્રોશ યાત્રા': પરિવર્તનનો શંખનાદ


અમદાવાદ. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા આજે (૧૬ નવેમ્બર, ૨૦૨૫) ગુજરાતની જનતાના પ્રશ્નો અને આક્રોશને વાચા આપવા માટે રાજ્યવ્યાપી 'જન આક્રોશ યાત્રા - પરિવર્તનનો શંખનાદ' ની જાહેરાત કરવામાં આવી. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડા અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષારભાઈ ચૌધરીએ સંયુક્ત પત્રકાર પરિષદમાં આ જાહેરાત કરી હતી.

પ્રદેશ પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, આ યાત્રા દરમિયાન ભાજપ સરકારના ભ્રષ્ટાચાર અને ગેરવહીવટને ખુલ્લો પાડવામાં આવશે. તેમણે ખેડૂત વિરોધી નીતિઓ પર આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું કે ખેડૂતોને ₹૫૦,૦૦૦ની નુકસાની સામે માત્ર ₹૩,૫૦૦નું વળતર આપી મશ્કરી કરવામાં આવી છે , અને ખેડૂતોના સંપૂર્ણ દેવા માફ કરવાની માંગ કરી. ડૉ. તુષારભાઈ ચૌધરીએ ગુજરાતની વાસ્તવિકતા રજૂ કરતા કહ્યું કે ૬ કરોડની વસ્તીમાંથી ૩ કરોડ ૬૫ લાખ લોકો મફત અનાજ પર નિર્ભર છે. તેમણે આદિવાસીઓના પ્રશ્નો પર ભાર મૂક્યો અને જણાવ્યું કે જંગલ જમીનનો અધિકાર આપ્યા પછી પણ માત્ર ૫૦% આદિવાસીઓને જમીન મળી છે. 'જન આક્રોશ યાત્રા' ની શરૂઆત ૨૧મી નવેમ્બરના રોજ ઉત્તર ગુજરાતના ઢીમા (ધરણીધર ભગવાન મંદિર) થી થશે અને ૩જી ડિસેમ્બરે બેચરાજી (બહુચર માતા મંદિર) ખાતે સમાપ્ત થશે. કોંગ્રેસે સંકલ્પ વ્યક્ત કર્યો કે ૨૦૨૭માં ગુજરાતની જનતા સાથે રહી પરિવર્તન લાવવામાં આવશે.



## વડોદરા લોન કૌભાંડ: ગીરીરાજ ડેવલોપર્સ પર ગંભીર આક્ષેપ

વડોદરાના રણોલી વિસ્તારમાં બેંક લોન કૌભાંડનો મોટો કેસ બહાર આવ્યો છે, જેમાં ગીરીરાજ ડેવલોપર્સ તથા સંબંધિત વ્યક્તિઓ દ્વારા ખોટા દસ્તાવેજો, ભ્રામક વેલ્યુએશન અને ફર્જી ફર્મોના ઉપયોગથી બેંક ઓફ બરોડા, રણોલી બ્રાન્ચને કરોડો રૂપિયાનું નુકસાન પહોંચાડ્યાનું બહાર આવ્યું છે. ફરિયાદ બેંકના ઓફિસર કંદર્પ લલીત જોષી દ્વારા કરવામાં આવી હતી.




માહિતી મુજબ, ગીરીરાજ ડેવલોપર્સે તરસાલી વિસ્તારની જમીન (સર્વે નં. 578/579) માટે પહેલેથી જ SBI પાદરા બ્રાન્ચમાંથી રૂ. 4.95 કરોડની પ્રોજેક્ટ લોન લીધી હતી. આ લોન હાલતી હોવા છતાં, આરોપીઓએ પૂર્વ આયોજિત યોજના અંતર્ગત ટાઇટલ ક્લિયરન્સ સર્ટિફિકેટ મેળવી અને ઓવર વેલ્યુએશન રિપોર્ટ તૈયાર કરીને બેંક ઓફ બરોડાથી જુદી જુદી હોમ લોન અને કેશ ક્રેડિટ લોન મેળવ્યા હતા.

ઉદાહરણરૂપ, ફ્લેટ નં. D-401 પર રૂ. 18.60 લાખની હોમ લોન તથા શોપ નં. 3 અને 4 પર ‘પેરીગ્રીન’ નામની ખોટી ફર્મ ઉભી કરીને રૂ. 50 લાખની સી.સી. લોન લેવાઈ હતી. વધુમાં, ખોટા ઉદ્યોગ લાઈસન્સ અને GST સર્ટિફિકેટનો ઉપયોગ કરી અનેક લોન પ્રોસેસ કરવામાં આવી.

તપાસમાં જાણવા મળ્યું છે કે લોનની રકમનો ઉપયોગ મૂળ બિઝનેસ કે પ્રોજેક્ટમાં ન કરી અન્યત્ર વાપરવામાં આવ્યો હતો, જેના કારણે બેંકને કુલ રૂ. 3,47,88,808 જેટલું આર્થિક નુકસાન થયું. ઘટનાએ બેંકિંગ સેક્ટરમાં ચિંતા ફેલાવી છે અને નાણાકીય પારદર્શિતાને લઈને ચર્ચા શરૂ થઈ છે.

## વાઘોડિયા રોડે યુવતીને છેતી શોષણ કરનાર યુવક ઝડપાયો

વડોદરાના વાઘોડિયા રોડ વિસ્તારમાં સોશિયલ મીડિયા પર મિત્રતા કરી યુવતીને લગ્નનું પ્રલોભન આપીને છેતરપિંડી અને શોષણ કરાયાનો કેસ બાપોદ પોલીસમાં નોંધાયો છે. ફરિયાદ મુજબ, યુવકે કોલ્ડ્રિંકમાં નશીલો પદાર્થ ભેળવી યુવતીને બેભાન કરી અનૈતિક વર્તન કર્યાનો આક્ષેપ છે. બાદમાં અશ્લીલ ફોટા–વિડિયો બનાવી બ્લેકમેલ કરીને વારંવાર દબાણ કરાયું હોવાનું યુવતીએ જણાવ્યું છે. આ કારણે તે ગર્ભવતી બનતા યુવકએ ખાનગી હોસ્પિટલમાં બળજબરીપૂર્વક ગર્ભપાત કરાવ્યાનો આરોપ પણ થયો છે.

પોલીસે ફરિયાદ બાદ આરોપી મયંક શરદ ગુપ્તાને ઝડપી વધુ તપાસ શરૂ કરી છે.

## અટલાદરા રોડની તકલાદી કામગીરીમાં કોન્ટ્રાક્ટરને દંડ

વડોદરાના અટલાદરા વિસ્તારમાં વરસાદ બાદ ધોવાઈ ગયેલા રોડનું રિસરફેસિંગ કામ કરવામાં આવ્યું હતું. પરંતુ કોંગ્રેસના કાર્યકરે કામ તકલાદી હોવાનું કહી રોડના પોપડા ઉખાડતા ડામર સરળતાથી ઊખડી જતાં બાબત ગંભીર બની હતી. આ ઘટના સામે આવતાં પાલિકાના રોડ પ્રોજેક્ટ વિભાગે તપાસ હાથ ધરી હતી. તપાસમાં કોન્ટ્રાક્ટર રાજ ઇન્ફ્રાસ્ટ્રક્ચરે હયાત રોડની સાઈડના માટીવાળા ભાગમાં ડામર નાખ્યું હોવાનું સામે આવતાં પાલિકાએ ₹4.14 લાખની પેનલ્ટી ફટકારી છે. શહેરમાં હલકી ગુણવત્તાના રોડ કામો સામે કાર્યવાહી તેજ થવાનું અનુમાન છે.

## વડોદરામાં શેર બજારના નફાની લાલચે 1.81 કરોડ ઠગાયા

વડોદરાના ગોત્રી વિસ્તારમાં રહેતા ખાનગી કંપનીના મેનેજરને શેર બજારમાં ઝડપી નફો કમાવાની લાલચ ભારે પડી છે. સોશિયલ મીડિયા પર આવેલી લિંક પરથી સંપર્ક થયેલા ભેજાબાજોએ મનીશુખ ફાઇનાન્સિયલ સિક્યુરિટી નામે ઓનલાઇન ગ્રુપમાં જોડાવી તેમને સ્કીમ બતાવી રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. બાદમાં વિવિધ ખાતાઓમાં 1.81 કરોડ રૂપિયા ઇન્વેસ્ટ કરાવવામાં આવ્યા, પરંતુ સામે ફક્ત 2.22 લાખ રૂપિયા જ પરત મળ્યા હતાં. છેતરપિંડીની ફરિયાદ સાયબર ક્રાઇમ સેલમાં નોંધાતા પોલીસએ બેંક ખાતાના આધારે આરોપીઓની શોધ શરૂ કરી છે. નિષ્ણાતો સોશ્યલ મીડિયા રોકાણ જાહેરાતોથી સાવચેત રહેવાની સલાહ આપે છે.

## નવસારી હાઈવે પર લસણની આડમાં કરોડોનો દારૂ ઝડપાયો

નવસારી હાઈવે પરથી લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)એ એક મોટો ઓપરેશન હાથ ધરી લગભગ એક કરોડ રૂપિયાનો દારૂ જપ્ત કર્યો છે. રૂ. 200 પ્રતિ કિલોની કિંમતે વેચાતા લસણની આડમાં ટ્રકમાં વિદેશી દારૂનો જંગી જથ્થો છૂપાવી પરિવહન કરવામાં આવી રહ્યો હતો. માહિતી મળતાં જ LCBની ટીમે હાઈવે પર ટ્રકને રોકી તપાસ કરતા લસણની બોરીઓની નીચે ગોઠવાયેલા દારૂના ઘણા બોક્સ મળી આવ્યા હતા. ઓપરેશન દરમિયાન એક શખ્સને સ્થળ પરથી જ ઝડપી લેવામાં આવ્યો છે. ટ્રકમાંથી મળેલા દારૂની કિંમત અંદાજે એક કરોડ રૂપિયા સુધી પહોંચી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. આટલી મોટી માત્રામાં દારૂ મળી આવતાં પોલીસે પણ ચકિત થવું પડ્યું હતું. દારૂના બોક્સની સંખ્યા એટલી વધુ હતી કે LCB કચેરી આખી બોક્સોથી છલકાઈ ગઈ હતી. પોલીસ હવે ટ્રક ક્યાંથી ભરાયો હતો, દારૂ કયા સ્થળે પહોંચાડવાનો હતો અને પાછળ કયું નેટવર્ક કાર્યરત છે તેની દિશામાં તપાસ આગળ ધપી રહી છે. આ કાર્યવાહી દારૂની હેરાફેરી પર મોટું ઘા માનવામાં આવી રહી છે.




## ગુંથલીમાં ઠાકોર સેના સ્નેહમિલન, અલ્પેશ ઠાકોર હાજર

બાલાસિનોર તાલુકાના ગુંથલી ગામે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા સમાજ એકતા અને ગૌરવનો ભવ્ય સ્નેહમિલન સમારોહ યોજાયો. આ કાર્યક્રમ પ્રદેશ પ્રમુખશ્રી અલ્પેશજી ઠાકોર અને પ્રદેશ ઉપપ્રમુખશ્રી ધવલસિંહ ઝાલાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

બાલાસિનોરના ધારાસભ્ય માનસિંહજી ચૌહાણ, પૂર્વ ધારાસભ્ય અજીતસિંહ ચૌહાણ, અમૂલ ડિરેક્ટર સાયભેસિંહ પરમાર સહિત ભાજપા અને કોંગ્રેસ બંને પક્ષના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સમાજના આગેવાનોએ શિક્ષણ, વ્યસનમુક્તિ, રોજગારી અને સંગઠન પર માર્ગદર્શન આપ્યું. યુવાનો, વડીલો અને બહેનો સહિત મોટી સંખ્યામાં સમાજના સભ્યો ઉપસ્થિત રહ્યા અને એકતાનો અદ્ભુત સંદેશ આપ્યો. ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાની જિલ્લા અને તાલુકા ટીમના સક્રિય કાર્યકર્તાઓના ઉત્કૃષ્ટ આયોજનથી આ સમારોહ સફળ રહ્યો. સંગઠનનું લક્ષ્ય 'સમાજનો સર્વાંગી વિકાસ' જાહેર કરાયું.



સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## વડોદરાના આજવા રોડ પર સગીર યુવક સાથે લૂંટની ઘટના

વડોદરા શહેરના આજવા રોડ વિસ્તારમાં સગીર યુવકને ધમકી આપી લૂંટવાનો બનાવ સામે આવ્યો છે. માહિતી મુજબ, 15 નવેમ્બર 2025ના રોજ સવારે આશરે 11 વાગ્યે બરકત ઉલ્લા પ્રોવિઝન સ્ટોર પાસે ફરિયાદી ફારૂકભાઈ ઇસ્માઈલભાઈ ચૌહાણના 17 વર્ષીય દીકરા માહીરને જાફર આરીફભાઈ ગાંચી નામના વ્યક્તિએ અચાનક રોક્યો હતો. આરોપીએ તેની ગળા પર ચાકુ રાખી જાનથી મારી નાખવાની ધમકી આપી અને ભયભીત બનાવી તેની પાસે રહેલા રૂ. 1,500 બળજબરીથી ઝૂંટવી લીધા હતા. ઘટના બાદ આરોપી સ્થળ પરથી ભાગી ગયો હતો.

પરિવારજનોએ સગીર પર થયેલા આ હુમલાથી ભારે નારાજગી વ્યક્ત કરી છે. આજવા રોડ વિસ્તારમાં વધતી જતી ગુનાખોરીની ઘટનાઓને ધ્યાનમાં રાખીને નાગરિકોએ સુરક્ષા વધારવાની માંગણી કરી છે. ઘટના સ્થાનિકોમાં ચર્ચાનો વિષય બની છે.

## વડોદરાના PG માં MBA વિદ્યાર્થીનો મૃતદેહ મળતા તપાસમાં ચકચાર

વડોદરા. શહેરના ફતેહગંજ વિસ્તારમાં આવેલી બ્લ્યુ લગુન હોટલ પાછળની એક સોસાયટીમાંથી એક વિદ્યાર્થીનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. આ સોસાયટીના પેઇંગ ગેસ્ટ (PG) માંથી મૃતદેહ મળી આવ્યો હતો.

મૃતક વિદ્યાર્થીની ઓળખ અતિકદાસ તરીકે થઈ છે. અતિકદાસ મૂળ હરિયાણાનો વતની હતો અને તે પારુલ યુનિવર્સિટીમાં MBAના બીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. વિદ્યાર્થીનો મૃતદેહ શંકાસ્પદ હાલત માં મળી આવતા ઘટનાસ્થળે પહોંચેલી ફતેહગંજ પોલીસે તુરંત તપાસનો દોર શરૂ કર્યો છે.

પોલીસ દ્વારા આ મૃત્યુ પાછળનું ચોક્કસ કારણ જાણવા માટે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસનું પ્રાથમિક ધ્યાન એ દિશામાં છે કે આ ઘટના કુદરતી મોત છે કે પછી વિદ્યાર્થીએ આત્મહત્યા કરી છે.

ફતેહગંજ પોલીસે હાલ આ બનાવ અંગે



અકસ્માત મોતનો ગુનો નોંધી લીધો છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપીને તેના રિપોર્ટના આધારે વધુ તપાસ અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ ઘટનાથી વિદ્યાર્થીઓ અને સોસાયટીના રહીશોમાં શોક અને સનસની ફેલાઈ ગઈ છે.

**રીપોર્ટર: મહેન્દ્ર સોલંકી, વડોદરા.**

## દ્વારકા બંદર વિસ્તારમાં હાઇ એલર્ટ હેઠળ મેગા કોમ્બિંગ




દિલ્હી બોમ્બ બ્લાસ્ટ બાદ સમગ્ર રાજ્યમાં વધારેલા સુરક્ષા પગલાંના ભાગરૂપે દ્વારકા બંદર વિસ્તારમાં પોલીસે વિશાળ સ્તરનું કોમ્બિંગ ઓપરેશન હાથ ધર્યું હતું. આ ઓપરેશનમાં 2 ડીવાયએસપી, 6 પીઆઇ, એસઓજી, બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ અને કુલ 120થી વધુ પોલીસકર્મીઓ જોડાયા હતા. સુરક્ષા ચકાસણી દરમ્યાન SOG ટીમને હઝરત કચ્છી પીર બાબાની દરગાહ વિસ્તારમાંથી કુહાડી, કાટો અને તલવાર સહિતના હથિયારો મળી આવ્યા હતા, જેને પગલે દરગાહના મુંજાવરની તાત્કાલિક પૂછપરછ કરવામાં આવી છે. હાઇ એલર્ટની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને દ્વારકા પોલીસએ 110 કિલોમીટર લાંબા સંવેદનશીલ દરિયાકાંઠા વિસ્તારમાં પેટ્રોલિંગ અને ચકાસણી વધુ સઘન કરી દીધી છે. દરિયાકાંઠે શંકાસ્પદ વ્યક્તિઓ અને નૌકા પર ખાસ નજર રાખવામાં આવી રહી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, સુરક્ષા એજન્સીઓ કોઈપણ અનિચ્છનીય બનાવ અટકાવવા માટે આવતા દિવસોમાં પણ આવા કોમ્બિંગ ઓપરેશનો ચાલુ રાખશે.

## ખેલ મહાકુંભ 2025 વડોદરા એથ્લેટિક્સ સ્પર્ધા

વડોદરા: રમતગમત યુવા સંસ્કૃતિ વિભાગ હેઠળ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગરના આયોજન અને વડોદરા મહાનગરપાલિકા સંચાલન હેઠળ ખેલ મહાકુંભ 2025ની એથ્લેટિક્સ કોમ્પિટિશન નો ભવ્ય પ્રારંભ આજે માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે થયો. પશ્ચિમ ઝોનના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

આ સ્પર્ધાઓમાં 30 મીટર, 50 મીટર, 100 મીટર, 400 મીટર, 600 મીટર અને 800 મીટર દોડનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જુદી જુદી ઉંમર અને કેટેગરી પ્રમાણે ખેલાડીઓએ ઉત્તમ પ્રદર્શન કર્યું. સ્પર્ધામાં ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ સ્થાન મેળવનાર બાળકોને રોકડ પુરસ્કાર આપવામાં આવશે, જેનાથી બાળકોમાં રમતગમત પ્રત્યે વધુ ઉત્સાહ વધ્યો છે. મોટી સંખ્યામાં વાલીઓ અને વિવિધ શાળાઓના પીટી શિક્ષકો પણ ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા ઉપસ્થિત રહ્યા. સ્પર્ધા દરમ્યાન બાળકોની દોડવાની કુશળતા, ટેકનિક અને શારીરિક ફિટનેસને જોતા સમગ્ર સ્ટેડિયમમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો.

કન્વીનર સાજીદ મન્સૂરીએ માહિતી આપતા જણાવ્યું કે ખેલ મહાકુંભનું મુખ્ય ઉદ્દેશ્ય બાળકોમાં રમતગમતની ભાવના વધારવાનો છે, તેમજ રાજ્ય સ્તરે નવા ટેલેન્ટને આગળ લાવવાનો છે. તેમણે વધુમાં ઉમેર્યું કે આવી સ્પર્ધાઓ દ્વારા બાળકોમાં આત્મવિશ્વાસ વધે છે અને સ્વસ્થ જીવનશૈલી તરફ પ્રેરણા મળે છે.

વડોદરા શહેર ખેલ મહાકુંભ 2025ના આગામી તબક્કાની સ્પર્ધાઓ આગામી દિવસોમાં શહેરના વિવિધ સ્થળોએ યોજાશે.

**રીપોર્ટર: મહેન્દ્ર સોલંકી, વડોદરા**



**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**

## વડોદરા: ટેક્સ કન્સલ્ટન્ટ્સ ચેમ્બરનું ભવ્ય સ્નેહમિલન

વડોદરામાં સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ્સ (CGCTC) દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ની ટીમનું નૂતન વર્ષ સ્નેહમિલન વસણા-ભાયલી રોડ પર ભવ્ય રીતે યોજાયું. અધ્યક્ષ શ્રી દિપકભાઈ અમીન અને ચેરમેન શ્રી પ્રગ્નેશભાઈ ભગતની આગેવાની હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં લોકગાયક કવિરાજ શ્રી પીયુદાન ગઢવીનો ડાયરો મુખ્ય આકર્ષણ રહ્યો. વરિષ્ઠ સભ્યો અને ઉત્કૃષ્ટ પરિણામ મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરાયું, જેમાં ૨૫૦થી વધુ સભ્યો હાજર રહ્યા.

## વડોદરા: રણોલીમાં નિ:શુલ્ક કેમ્પ અને રક્તદાન શિબિર યોજાઈ

વડોદરા જિલ્લાના રણોલી ખાતે દિપક ગોપાલભાઈ રબારી દ્વારા વિશાળ નિ:શુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન સફળતાપૂર્વક થયું. સવારે 8 થી 12 વાગ્યા સુધી ચાલેલા આ કેમ્પમાં સેંકડો ગ્રામજનોએ વિનામૂલ્યે તબીબી તપાસ, નિદાન, સલાહ અને જરૂરી દવાઓ મેળવી. સાથે જ રક્તદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં યુવાનો અને ગ્રામજનો ઉત્સાહપૂર્વક જોડાયા. આરોગ્ય જાગૃતિ વધારવાના હેતુથી યોજાયેલા આ કેમ્પને સ્થાનિકોએ વખાણી અને ભવિષ્યમાં વધુ આવા ઉપક્રમોની માંગ વ્યક્ત કરી.

## વડોદરામાં પ્રોહીબિશન કાર્યવાહી દરમ્યાન કુલ 22 કેસ નોંધાયા

વડોદરા શહેરમાં 15 નવેમ્બર 2025ના રોજ વિવિધ વિસ્તારોમાં પ્રોહીબિશન સંબંધિત કુલ 22 કેસ નોંધાયા છે. કાર્યવાહી દરમિયાન 49 લિટર દેશી દારૂ (કિંમત રૂ. 9,800) સાથે 28 ક્વાર્ટર અને 211 ઇંગ્લિશ દારૂની બોટલ્સ (કિંમત રૂ. 2,19,584) સહિતનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો. કુલ 16 વ્યક્તિઓને અટકમાં લેવામાં આવ્યા, જેમાં 14 વ્યક્તિઓ નશાની હાલતમાં હોવાનો ખુલાસો થયો. શહેરમાં દારૂની ગેરકાયદેસર હિલચાલ વધતા સ્થાનિકોમાં ચિંતા ફેલાઈ છે અને કડક નિયંત્રણની જરૂરિયાત અનુભવાઈ રહી છે.

## આયુર્વેદિક ત્રણ રસ્તા પાસે બાઇક સવારને ઈજા

વડોદરા શહેરના પાણીગેટ વિસ્તારમાં 4 નવેમ્બર 2025ના રોજ આયુર્વેદિક ત્રણ રસ્તા પાસે અકસ્માત બન્યો હતો. આશરે 11:30 થી 12:00 વચ્ચે ફોર વ્હીલર (GJ-04-EA-0193) ઝડપી ગતિ અને બેદરકાર રીતે ચલાવાતા તે હોન્ડા એવીયટર (GJ-06-MQ-1411) સાથે અથડાઈ હતી. અકસ્માતમાં બાઇક સવાર કમલેશ નારાયણદાસ ખટવાણીને શરીરે બેઠો માર તથા જમણા ખભા પાસે ગંભીર ઈજા પહોંચતાં ફ્રેક્ચર થયું. ઘટનાની બાદ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. વધતાં વાહન અકસ્માતોને લઈને સ્થાનિકોમાં ચિંતા વ્યાપી છે અને સાવચેતીપૂર્વક ડ્રાઇવિંગની અપીલ થઈ છે.

## સસ્તા ગોલ્ડના બહાને લાખોની છેતરપિંડીનો ભંડાફોડ

વડોદરાના સયાજીગંજ વિસ્તારમાં સસ્તા ભાવે ગોલ્ડ અપાવવાના બહાને લાખોની છેતરપિંડીનો કેસ સામે આવ્યો છે. ફરિયાદી શિવમ રાજેન્દ્ર ટોકરકરે જણાવ્યું કે ફેબ્રુઆરી 2025માં આરોપી જીતેન્દ્રસિંહ રાજપૂરોહિતે તેમને વિશ્વાસમાં લઇ રૂ. 43,46,500ની રકમ મેળવી હતી. ગોલ્ડ ન મળતા ફરિયાદીએ રકમ પરત માંગતા આરોપીએ માત્ર રૂ. 12 લાખ પરત કર્યા, જ્યારે બાકીના રૂ. 31,46,500 પરત ન આપતા વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ભંડાફોડ થયો. મોટી રકમનો સમાવેશ થતા આ કેસ ચર્ચાનો વિષય બન્યો છે અને નાગરિકોએ સાવચેતી રાખવાની અપીલ કરી.

## ખોડિયારનગરમાં વીજ કર્મચારીઓ પર ચાર શખ્સોનો હુમલો

વડોદરા શહેરના ખોડિયારનગર વિસ્તારમાં વીજ લાઇન રિપેરિંગ કામ દરમ્યાન MGVCLના ત્રણ કર્મચારીઓ પર ચાર વ્યક્તિઓએ હુમલો કર્યાની ઘટના સામે આવી છે. રિપેરિંગ ટીમ શ્રીજી વિલા ફીડરની 11 કે.વી. કેબલ તૂટેલી જગ્યા પર કામમાં વ્યસ્ત હતી ત્યારે ઓફિસથી જાણ કરવામાં આવ્યું કે ચાર શખ્સો કમ્પ્લેન્ટ સેન્ટરમાં ઘૂસીને "લાઇટ કેમ કાપો છો?" કહી ઝઘડો કરી રહ્યા છે. આ દરમિયાન પથ્થરમારો કરી બારીના કાચ અને દરવાજાને નુકસાન પહોંચાડાયું હતું.

થોડી જ વારમાં એ જ વ્યક્તિઓ બે ટુ-વ્હીલર પર રિપેરિંગ સ્થળે આવી પહોંચ્યા અને "હજુ સુધી લાઇટ કેમ ચાલુ નથી?" કહી કર્મચારીઓ સાથે ઝપાઝપી કરતાં ગાળાગાળ શરૂ કરી હતી. વચ્ચે પડનાર લાઇનમેનને પણ માર મારવામાં આવ્યો હતો. ઘટનાના દૃશ્યો કેમેરામાં કેદ થયા છે. બનાવ અંગે ફરિયાદ નોંધાયા બાદ વધુ તપાસ ચાલુ છે.

## ભાવનગરમાં માતા-સંતાનોની દાટેલી લાશોમાં હત્યાનો ભયંકર ખુલાસો

ભાવનગરમાં ફોરેસ્ટ વિભાગના ACF શૈલેષ ખાંભલા સાથે રહેવા આવેલી તેમની પત્ની નયનાબેન અને બંને સંતાનો પૃથા તથા ભવ્યના ગાયબ થયા બાદ દાટેલી હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. પરિવારના ગુમ થવાની જાણ તેમના પતિએ કરી હતી, જોકે ઘણા દિવસોના શોધકાર્ય બાદ ફોરેસ્ટ કોલોનીમાં આવેલા તેમના ક્વાર્ટરની બાજુમાં જ ખોદાયેલ ખાડામાં માતા અને બંને સંતાનોના કોહવાયેલા મૃતદેહો મળ્યા હતા.

મૃતદેહોની હાલત અને દાટવાની રીતને લઈને નયનાબેનના પિતરાઈ ભાઈએ ગંભીર શંકા વ્યક્ત કરી છે કે આ આખું કામ એક વ્યક્તિ હસ્તે શક્ય નથી અને તેમાં વધુ લોકોને સંડોવણી હોવાની શક્યતા છે. પરિવારજનોએ જણાવ્યું કે નયનાબેન લગ્નજીવનમાં કોઈ મુશ્કેલી વિશે ક્યારેય બોલ્યા નહોતા. બંને સંતાનો સાથે તેઓ સુરતના સંયુક્ત પરિવારમાં રહેતા હતા અને વેકેશન હોવાથી ભાવનગર



આવ્યા હતાં. ખાડો ખોદવાની પદ્ધતિ, લાશોને પથ્થરો બાંધી દાટવાનો પ્રકાર અને સ્થળની નજીકતાને ધ્યાનમાં લેતા પરિવારજનોએ કડક કાર્યવાહી અને ન્યાયની માંગ કરી છે. તેઓએ દાવો કર્યો છે કે જે કોઈ આ રાક્ષસી કૃત્યમાં સંડોવાયેલા હશે, તેમને કડક સજા થવી જોઈએ અને સમગ્ર મામલે સચોટ તપાસ આવશ્યક છે. ભાવનગરમાં આ ઘટના પછી ભારે અશાંતિ અને આક્રોશ ફેલાયો છે.

## સેક્ટર 30 સહિત અનેક વિસ્તારોમાં તંત્રનું મેગા ડિમોલિશન શરૂ



ગાંધીનગરમાં ગેરકાયદેસર દબાણો દૂર કરવાની વિશાળ ઝુંબેશ શરૂ થઈ છે. પાટનગર યોજના વિભાગની ટીમોએ વહેલી સવારથી સેક્ટર 30 વિસ્તારમાં સરકારી જમીન પર વર્ષોથી ઉભા થયેલા નાના-મોટા તેમજ ધાર્મિક દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથધરી. સુરક્ષા વ્યવસ્થા બાદ દબાણ ટીમે સાતથી વધુ મકાનો અને બે ધાર્મિક દબાણો તોડી પાડ્યા હતા. વહીવટી સૂત્રો મુજબ અહીંની જમીન પર વકફ બોર્ડમાં ગેરધોરણે નોંધણી અને અનેક વખત ફેરફારો થયાની તપાસ બાદ દબાણ મુક્ત કરવામાં આવ્યું છે. શહેરમાં કુલ 1400થી વધુ ગેરકાયદેસર દબાણો સામે કાર્યવાહી માટે તંત્રે મેગા ડિમોલિશનનું આયોજન કર્યું છે. અગાઉ 900 ઝૂંપડાં દૂર કર્યા બાદ હવે અન્ય વિસ્તારોમાં—ઘ-7 સર્કલ, પ્રેસ સર્કલ, સેક્ટર-24 અને રાંધેજા વિસ્તારોમાં પણ ઝૂંપડાં અને ધાર્મિક દબાણો તોડવાની તૈયારી છે. નોટિસોનો જવાબ ન મળતા તંત્રે બુલડોઝર કાર્યવાહી આગળ ધપાવવાનો તખ્તો ઘડી કાઢ્યો છે.

## લીમડા ગામે જૂથ હુમલો, ભત્રીજા પર ગંભીર હુમલો

વાઘોડીયા તાલુકાના લીમડા ગામે જૂથ હુમલાની ઘટના સામે આવી છે. ફરિયાદીના જણાવ્યા મુજબ દુકાન પર ઉધારી માંગવા બાબતે થયેલા અગાઉના ઝઘડાને લીધે અજાણ્યા આઠથી દસ વ્યક્તિઓએ એકત્ર થઈ હુમલો કર્યો હતો. જૂથએ ગાળાગાળી કર્યા બાદ ફરિયાદીના ભત્રીજા તથા સાહેદોને નિશાન બનાવતા માથા, હાથ અને કપાળના ભાગે ઈજાઓ પહોંચાડી હતી. અચાનક થયેલા હુમલાથી વિસ્તારમાં તંગદિલીનું વાતાવરણ સર્જાયું હતું અને સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.

## હાલોલ હાઈવે પર બસ-બોલેરોની જોરદાર અથડામણ

હાલોલથી વડોદરા જતા હાઈવે પર આસોજ ગામ નજીક બસ અને બોલેરો પીકઅપ વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. સોકો કંપની પાસેથી પસાર થતી બસ અચાનક ઝડપમાં આવી બોલેરોને પાછળથી જોરદાર રીતે અથડાઈ હતી. અથડામણ એટલી તીવ્ર હતી કે બોલેરો આગળ ધકેલાઈ ગઈ અને વાહનોને ભારે નુકસાન થયું. બોલેરોમાં સવાર રહીશભાઈ જશવંતભાઈ તથા અન્ય મુસાફરોને સામાન્યથી લઈને ફ્રેક્ચર સુધીની ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ બસનો ચાલક સ્થળ પરથી નાસી જવાથી સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો.

## દેલવાડા અને પોર GIDCમાં બે અલગ અચાનક મોત સામે

કરજણ નજીકના દેલવાડા ગામની સીમમાં આવેલા કરકટેશ્વર મહાદેવ મંદિર ખાતે આરામ કરી રહેલા 60 વર્ષીય સન્યાસી ધનરાજગીરી યોગેશ્વરનંદજી મહારાજ બેભાન થઈ જતાં સારવાર દરમિયાન મૃત્યુ પામ્યા. મહારાજ થોડા સમયથી બીમાર હતાં અને અચાનક તબિયત બગડતા તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. બીજી ઘટના પોર જૂની GIDC વિસ્તારમાં સામે આવી છે, જ્યાં SK ઇન્ડસ્ટ્રીઝના 21 વર્ષીય કર્મચારી આલોકકુમાર સુરેન્દ્રકુમાર વર્માનું અચાનક હાર્ટ એટેકથી અવસાન થયું. બંને બનાવોથી વિસ્તારના લોકોમાં શોક ફેલાયો છે.

## ખુટવડા-ઉગલવાણ રોડની હાલત બિસ્માર

**ભાવનગર:** ભાવનગર જિલ્લાના મહુવા અને જેસર તાલુકાની સીમા વચ્ચે આવેલો મોટો ખુટવડાથી ઉગલવાણ ગામને જોડતો મુખ્ય માર્ગ છેલ્લા કેટલાક સમયથી અત્યંત દયનીય સ્થિતિમાં છે. આ માર્ગ હાલમાં ઊંડા ખાડા, ધોવાઈ ગયેલા નાળાઓ અને તૂટેલા ભાગોને કારણે વાહનવ્યવહાર માટે જોખમી બની ગયો છે. ગ્રામજનો, વિદ્યાર્થીઓ અને ખેડૂતો માટે આ માર્ગ હવે 'જીવનરેખા' નહીં પણ 'જીવલેણ' બની રહ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, વરસાદી ઋતુમાં આ માર્ગ પરથી પસાર થવું એટલે જાણે મોતને આમંત્રણ આપવા સમાન છે. ટ્રેક્ટર, બાઈક અને રિક્ષા સહિતનાં વાહનો વારંવાર અટકી પડે છે અને ખાડામાં ફસાઈ જવાના બનાવો સામાન્ય બની ગયા છે. આસપાસના ગામો અને ખેત વિસ્તારો માટે આ માર્ગ જીવનરેખા સમાન છે, પરંતુ તેની બિસ્માર હાલતને કારણે લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે અનેકવાર અકસ્માતો સર્જાઈ ચૂક્યા હોવા છતાં તંત્ર સૂતું છે. એક સ્થાનિકે જણાવ્યું, "રોડ પર ખાડા છે કે ખાડામાં રોડ, એ સમજાતું નથી. રોજ આ વન-જાવન મુશ્કેલ બની ગઈ છે." અન્ય એક ખેડૂતે વ્યથા વ્યક્ત કરી કે "ખેતરમાંથી પાક લઈને જવા પણ માર્ગ મળતો નથી, નાળાઓ ધોવાઈ ગયા છે."

બાળકોને સ્કૂલે મોકલતી વખતે પણ માતા-પિતાનું દિલ ધડકતું રહે છે. તંત્રને અનેકવાર રજૂઆત કરવા છતાં કોઈ કામગીરી થઈ નથી. ગ્રામજનોની સ્પષ્ટ માંગ છે કે તાત્કાલિક માર્ગની મરામત, રિસર્ફેસિંગ અને નાળાનું પુનઃબંધાણ શરૂ કરવામાં આવે, જેથી લોકોના જીવ અને વાહનવ્યવહાર સુરક્ષિત થાય. જો આ સ્થિતિ તાત્કાલિક સુધરશે નહીં, તો કોઈ મોટો અકસ્માત સર્જાશે ત્યારે જ તંત્ર જાગશે કે શું?



## પાદરા-કરજણ વિસ્તારના જુગાર, ટ્રાફિક અને પ્રોહિબિશન કેસો નોંધાયા

પાદરા તાલુકાના મુજપુર ગામે પટેલ વગો નજીક ખુલ્લી જગ્યામાં ચાર વ્યક્તિઓ પત્તા-પાના વડે જુગાર રમતા રૂપિયા 10,020 ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. બીજી તરફ મંજુસર, કરજણ અને વરણામા વિસ્તારોમાં વાહન બેદરકારી સંબંધિત કુલ સાત કેસ નોંધાયા છે, જેમાં રિક્ષા, બાઈક અને ટેમ્પોના ચાલકો દ્વારા જાહેર માર્ગ પર અવરોધ સર્જવાનો મુદ્દો સામેલ છે. ઉપરાંત પાદરા, કરજણ, શિનોર, વડુ અને વડોદરા તાલુકામાં પ્રોહિબિશન કાયદા હેઠળ 25 કેસ નોંધાયા છે, જેમાં દારૂ રાખવો અને નશામાં વર્તવું જેવા ગુનાઓનો સમાવેશ થાય છે.

## રાજકોટમાં દાંપત્ય વિવાદથી દંપતીના મોત, પરિવાર શોકમાં

રાજકોટના નાગેશ્વર વિસ્તારમાં દાંપત્ય વિવાદ લોહીયાળ બનેલા બનાવમાં પતિ-પત્ની બંનેના મોત થયા છે. કાકી અને ભત્રીજા વચ્ચેના સંબંધને કારણે ચાલતા મતભેદ વચ્ચે પત્ની અલગ રહી રહી હતી. પતિ વારંવાર તેને ઘરે પરત લાવવા પ્રયત્ન કરી રહ્યો હતો. દરમિયાન બિલ્ડિંગના પરિસરમાં થયેલા ઝઘડામાં પતિએ પરવાના ધરાવતી રિવોલ્વરથી પત્નીને ગોળી મારી અને બાદમાં આત્મહત્યા કરી લીધી હતી. પતિનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું, જ્યારે ગંભીર રીતે ઘાયલ પત્ની પણ સારવાર દરમ્યાન મોતને ભેટી હતી. બનાવને પગલે 20 વર્ષીય દીકરો માતા-પિતાની છત્રછાયા ગુમાવતાં શોકમાં છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫